=======================================================

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | 22/07/2021 |
| કેસ રજી. કર્યા તા. | 22/07/2021 |
| કેસ ફેંસલ કર્યા તા. | 17/04/2026 |
| અવધી: | 04 Y 08 M 26 D |

=======================================================

**રાપરનાં મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (જુ.ડી.) સાહેબની કોર્ટમાં, મું.રાપર**

=======================================================

| | |
|---|---|
| **ફોજદારી.કેસ નં.:** | **૧૨૮૮/૨૧** |
| **આંક:** | |

| | |
|---|---|
| **ફરીયાદી** | સરકારશ્રી. |
| | વિરૂધ્ધ. |
| **આરોપી** | (૧) પુનાભાઈ ભાણાભાઈ ભરવાડ,<br>રહે.મુળ ગેડી,હાલ તકીયાવાસ, રાપર (કચ્છ).<br>(૨) રામાભાઈ વજાભાઈ ભરવાડ,<br>રહે.પલાસવા, તા.રાપર (કચ્છ).<br>(૩) સુરતદાન ગણેશદાન ચારણ (ગઢવી),<br>રહે. ચારણવાસ, પુંગલ(બીકાનેર-રાજસ્થાન). |

| | |
|---|---|
| **ગુનાની કલમ** | **ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એઈ, ૧૧૬બી, ૮૧ મુજબ** |

| | |
|---|---|
| **ફરીયાદ પક્ષ તરફે સ્પે.એપીપી શ્રી:** | **આર.એમ.પરમાર** |
| **બચાવ પક્ષ તરફે વકીલ શ્રી:** | **એમ.ડી.ગઢવી/એન.એ.ગઢવી** |

=======================================================

# –: Judgment (ચુકાદો) :–

## (૧) **Narration Of Facts (કેસની હકીકતોનુ નિરૂપણ)**:–

**(૧.૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના હાલના આરોપીઓ તથા અન્ય આરોપીઓએ તેના કબજામાં અલગ અલગ બ્રાન્ડ ની ઈંગ્લીશ દારૂ જેની કુલ કિંમત રૂા.૧૧,૩૬,૧૬૦/– નો પ્રોહીબીશનનો માલ જડપાઈ, હાલના આરોપી હાજર ન મળી આવી તપાસ દરમ્યાન પકડાઈ જતા, એકબીજાને મદદગારી કરી, ગુનો કરી, ગુનાના કામે આરોપીઓ સામે આ કામના ફરિયાદીએ પો.સ્ટે ખાતે ફરીયાદ નોધવાતા તે આધારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા **ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ– ૬૫ એઈ, ૧૧૬બી, ૮૧ મુજબ** નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

## (૨) **પોલીસ કાર્યવાહી:–**

(૨.૧) આ કામે **આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એઈ, ૧૧૬બી, ૮૧ મુજબના** ગુના સબબની ફરિયાદ ફરિયાદી એ પોલીસ સ્ટેશનમાં કરેલ. જેના આધારે પી.એસ.ઓ ધ્વારા ગુનો નોંધવામાં આવેલો હતો. સદર ગુનાની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારને સોપવામાં આવતા તેઓએ સંભાળી લીધેલી અને સદર ગુનાની તપાસના કામે જરુરી પંચનામાં કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો/ જવાબો લઈ, આરોપીને અટક કરી, તપાસના કામે જરૂરી દસ્તવોજો કબ્જે કરી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

## (૩) **કોર્ટ કાર્યવાહી:–**

**(૩.૧)** આ કામે તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં **ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૧૯૦(૧)(બી)** પ્ર

================================================================

માણે આરોપીઓ સામે ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓ વિરૂધ્ધ **ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૦૪** મુજબ સમન્સ કાઢવામાં આવેલ હતા જે સમન્સ આરોપીઓને બજી જતા તેઓ અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૦૭** મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યા બાદ આરોપીઓ સામે **ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ – ૨૨૧, ૨૨૨ તથા ૨૨૩ મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એઈ, ૧૧૬(બી), ૮૧ મુજબ**ના ગુનાનું ખુલ્લી અદાલતમાં **આંક–૧૭ થી તહોમતનામુ** ફરમાવેલ અને બાદમાં આરોપીઓની **આંક–૧૮ થી ૨૦ પ્લી/જવાબ** રેકર્ડ આરોપીએ પોતાને ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે **ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨** ની જોગવાઈઓ અન્વયે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરિયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

(૪) **Oral and Documentary Evidence:-**
**(મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા)**:–

**(૪.૧)** ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો તેમના કેસ ના સમર્થનમાં રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

**ફરીયાદપક્ષ નો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો |
|---|---|---|
| 1. | ૦૬ | ફરીયાદી યશવંતસિંહ જગતસિંહ ઝાલા ની જુબાની<br>(સીસી નં.૧૬૭/૨૧ મુજબના આંક) |
| 2. | ૦૭ | ફરીયાદ(સીસી નં.૧૬૭/૨૧ મુજબના આંક) |
| 3. | ૪૦ | પંચસાહેદ પરેશભાઈ ખીમજીભાઈ ઠકકરની જુબાની |

================================================================

| | | |
|---|---|---|
| **4.** | ૪૧ | પંચનામું |
| **5.** | ૪૨ | પંચસાહેદ કાસમશા ભચલશા શેખની જુબાની |
| **6.** | ૫૮ | ત.ક.અ. નરેન્દ્રકુમાર કેશરભાઈ ચૌધરીની જુબાની |
| **7.** | ૫૯ | એફ.એસ.એલ.રીપોર્ટ |

(૫) <u>બચાવપક્ષનો પુરાવો:–</u>

**(૫.૧)** આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરિયાદપક્ષે એપીપીશ્રી એ પુરાવો પુરો થયા નું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો હોઈ આરોપી નું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.

(૬) **<u>Argument (દલીલ):–</u>**

(૬.૧) આ કામમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો વિસ્તારપુર્વક સાંભળવામાં આવેલ છે.

(૬.૨) સરકારી વકીલશ્રીએ જણાવેલ છે કે, આ કામે સાહેદોને જુબાની આપેલ છે તે ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલ છે અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવવા પામેલ છે. જેથી સમાજમાં આવા ગુનાઓનુ પ્રમાણ વધે અને અને સમાજમાં એક એવો સંદેશ જાય કે જેનાથી ગુનો આચરનારા વ્યકિતઓ આવો ગુના ના કરે તે માટે આરોપીઓને **<u>ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એઈ, ૧૧૬</u>**

**બી, ૮૧ મુજબ** તકસીરવાન ઠરાવીને કાયદામાં નિર્દિષ્ટ મહતમ સજા ફરમાવવા માટે અરજ કરેલ છે.

(૬.૩) જયારે બીજી તરફ બચાવપક્ષના વકીલે આરોપી સામે ખોટો કેસ કરેલાનુ જણાવેલ છે. તેઓ નિર્દોષ છે. પોલીસે ખોટી રીતે આરોપીઓને કોઈ પ્ર કારના પુરાવા ના હોવા છતા ફરીયાદીએ કહેલ હકીકતોને આધારે અમોને આરોપી બનાવી દીધેલ છે. અને પોલીસ ફરીયાદ સંબંધે કોઈ પ્રાથમીક તપાસ કરેલ નથી. પોલીસે આ કામમાં આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દેવા માટે તટસ્થ તપાસ નહી કરીને એકતરફી તપાસ કરેલ છે. જેથી આરોપીઓ સામે કોઈ ગુનો બનતો ના હોય અને બનાવના સાહેદોએ હિત ધરાવતા અને સંબંધિત સાહેદ હોવાથી તેમની જુબાની માની શકાય નહી. માટે આ કામના આરોપીને આ ગુનામાંથી નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે. આ કામે ફરીયાદપક્ષ આરોપી સામે નિ:શંક પણ કેસ પુરવાર કરવામાં સફળ ગયેલા નથી. ફરીયાદપક્ષે હંમેશા ફોજદારી ન્યાય પ્ર ણાલી પ્રમાણે નિ:શંક પણે ગુનો પુરવાર કરવાનો હોય છે. જયા જયા શંકા જાય ત્યા ત્યાં તેવો લાભ આરોપીની તરફેણમાં અનુમાન કરવુ જોઈએ તેવુ ફોજદારી ન્યાય પ્રણાલી કહે છે. ફરીયાદપક્ષ આરોપી સામે તેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. આરોપીની સામે રેકર્ડ પર એવો કોઈ પુરાવો આવવા પામેલ નથી કે જેનાથી આરોપીને કસુરવાર ઠરાવી શકાય. આમ આરોપીને શંકાનો લાભ આપીને **ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ ઈ, ૮૧, મુજબ ના** ગુનામાંથી નિર્દોષ ઠરાવવા હુકમ કરવા નમ્ર અરજ કરીએ છીએ.

## (૭) મુદદા:-

(૭.૧) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**-:મુદ્દા (Issue):-**

==========================================================

1. **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,<u>આ કામના હાલના આરોપીઓ તથા અન્ય આરોપીઓએ તેના કબજામાં અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂ જેની કુલ કિંમત રૂા.૧૧,૩૬,૧૬૦/- નો પ્રોહીબીશનનો માલ જડપાઈ, હાલના આરોપી હાજર ન મળી આવી તપાસ દરમ્યાન પકડાઈ જતા, એકબીજાને મદદગારી કરી, ગુનો કરી, ગુનાના કામે આરોપીઓ સામે આ કામના ફરિયાદીએ પો.સ્ટે ખાતે ફરીયાદ નોધવાતા તે આધારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ- ૬૫ એઈ, ૧૧૬બી, ૮૧</u> મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?**

2. **શું હુકમ ?**

**(૭.૨)** ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના જવાબ નીચે મુજબ છે.

1. **નકારમાં.**
2. **આખરી હુકમ મુજબ.**

**<u>-:કારણો:-</u>**

**<u>Findings And Discussion Of Appreciation Of Evidence</u>**

**<u>(કારણો / ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકન)</u>**:-

(૮) ફોજદારી ન્યાયતંત્રનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મુલ્યાંકન શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પીત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાનાં મુલ્યાંકનનો આધાર **<u>ભારતીય પુરાવાનાં કાયદાની કલમ-૩</u>** માં કરવામા આવેલી સાબીતી અને ના સાબીતીની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી

==========================================================

કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સં ભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં સં ભવિતતા દર્શાવવાની નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.

(૧૧) વધુમાં ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને નામદાર કોર્ટની કોઈપણ ભૂલ ભરેલી સજા તે સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે હંમેશા ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક શાણો/ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે, જે અન્વયે પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે કોર્ટે તેના તારણો, અભિપ્રાય મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી, કાયદાની જોગવાઈઓથી પ્રેરિત અને તેને ધ્યાનમાં રાખીને કરવુ જોઈએ. વધુમાં સાબીત થયેલ હકીકતો કોને કહેવાય? તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તેવી હકીકત સાબીત થયેલી ગણાય.

(૧૨) પુરાવાની ચર્ચા કરતા પહેલા, અત્રે એ સ્પટતા કરવામાં આવે છે કે, આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ તરફથી જે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પુરાવાને કોર્ટ દવારા શબ્દશ: નોંધવામાં આવ્યા છે. તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ફરીયાદ પક્ષે/આરોપીપક્ષે રજુ

કરેલા છે તેને ગંભીરતા પુર્વક અને બારીકાઈથી વંચાણે લેવામાં આવેલા છે. જે પુરાવાની ચર્ચા અને તેની ન્યાયીક સમીક્ષા આ જજમેન્ટમાં અંહી નીચે મુજબ કરવામાં આવેલ છે. જે સાહેદોના પુરાવાની ચર્ચા સાહેદોના નામ અને જુબાનીના આંક સાથે, હવે પછી, પ્રથમ પુરાવાની ચર્ચા કરવામાં આવશે, ત્યાર બાદ પુરાવાનુ મુલ્યાંકન/ ન્યાયીક સમીક્ષા તેના બાદ નીચે મુજબ કરવામા આવેલ છે.

## (૧૩) <u>રેકર્ડ પરનો પુરાવો:-</u>

**(૧૩.૧)**આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે ફરીયાદપક્ષે આંક-૦૬ થી ફરીયાદી યશવંતસિંહ જગતસિંહ ઝાલા નાઓ ને સોગંદ પર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૧/૩/૨૦૨૦ ના રોજ અમો રાપર પો.સ્ટે વિસ્તારમાં ક.૨૩:૦૦ થી પો.કો નરેશભાઈ ઠાકોર સાથે સ.વાહનથી નાઈટ રાઉન્ડમાં હતા તે દરમીયાન પો.કો મુકેશભાઈ તરફથી અમોને મોબાઈલ ફોનથી જાણ થયેલ કે નીલપર ગામની સીમમાં રમેશ કું ભા કોલીની વાડીએ રમેશ કુંભા તથા રામા વજા તથા પુના ભાણા તથા મહેન્દ્ર ઉર્ફે મેદીયો કોલીનાઓએ બહારથી ઈંગલીશ દારૂ મંગાવી ભુર્ગભ ટાંકામાં સંતાડી રાખેલ છે. જે બાતમી અંગે અમોએ રાપર પો.સ્ટેના પો.ઈન્સ શ્રીઆર.એમ.વસાવા સાહેબનાઓએ જાણ કરતા તેઓ પોલીસ સ્ટેશન આવી પોલીસ સ્ટાફના માણસોને બોલાવી બે પંચોને બોલાવી પ્રાથમીક પંચનામુ કરી રાપર પો.સ્ટેથી સ.વાહનથી બાતમી વાળી જગ્યાએ જવા નીકળી વહેલી સવારે નીલપર ગામની સીમમાં બાતમી વાળી જગ્યાએ રમેશ કુંભા કોલીની વાડીએ પહોચી તપાસ કરતા ત્યા એક મકાનનુ ચણતર કામ ચાલુ હોય ત્યાં આજુ બાજુ જમીન ઉપર જોતા એક જગ્યાએ તાજી માટી ખોદેલાનુ જણાતા ત્યાં પ્રોહીબીશન અંગે શં કા જતા પંચોની હાજરીમાં તે જગ્યાએ માટી દુર કરાવતા ત્યાં જમીન અંદર એક લોખંડનુ ઢાંકણુ લોક મારેલ હાલતમાં જોવામા આવેલ જે ઢાંકણાનુ તાળુ

ખોલી અંદર જોતા ભુગર્ભ ટાંકો હોવાનુ જણાયેલ જયાં બેટરીના અજવાળે અંદર તપાસ કરતા ટાંકની અંદર ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની પેટીઓ મળી આવેલ જે પંચો રૂબરૂ બહાર કઢાવી આ જગ્યાએ રાત્રીનુ અંધારુ હોય અને લાઈટની પુરતી વ્યવસ્થા ન હોય તેથી પો.ઈન્સ સાહેબે આ તમામ મુદામાલ એક પ્રા.વાહનમાં ગોઠવી રાપર પો.સ્ટે લાવેલ અને રાપર પો.સ્ટે પાસે લાઈટના અજવાળામાં તમામ ઈંગ્લીશ દારૂની પેટીઓની ગણતરી કરતા કુલ ૨૧૧ પેટીઓ ઈંગ્લીશ દારૂ અલગ અલગ બ્રાન્ડ જેવા કે પાર્ટી સ્પેશીયલ,ડીલક્ષ વીસ્કી તથા મેકડોવેલ નં.૧ સુપર વીસ્કી, રોયલ ચેલેન્જ કલકસીક પ્રીમીયમ તથા મેજીક રોમીયો વીસ્કી મળી આવેલ જેમાં ૭૫૦ એમ.એલ ની ૧૮૩૬ બોટલ તથા ૧૮૦ એમ.એલની ૨૭૮૪ બોટલ મળી એમ કુલ કીમત રૂ.૧૧૩૬૧૬૦/– નો ભારતીય બનાવટનો વીદેશી દારૂનો જથ્થો મળી તમામ શીલબંધ બોટલોમાંથી એફ.એસ.એલ માટે એક એક બોટલ તપાસના કામે કબજે કરવામ। આવેલ તથા બાકીનો મુદામાલ પંચનામાની વીગતે પો.ઈન્સ સાહેબે કબજે લીધેલ. આ ઈંગ્લીશ દારૂ જે જગ્યાએથી મળેલ તે જગ્યાએ કોઈ આરોપી હાજર ન હોય અમોએ આરોપી રમેશ કુંભા કોલી, રામા વજા ભરવાડ, પુના ભાણા ભરવાડ તથા મહેન્દ્ર ઉર્ફે મેદીયો કોલી વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ–૬૫એઈ,૧૧૬બી,૮૧ મુજબ ફરીયાદ પો.ઈન્સ આર.એમ.વસાવા સાહેબની રૂબરૂમાં આપેલ. મને આજ રોજ તે અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે જે ઓળખુ છુ કામમાં રજુ દાખલ આંક–૦૭ આપવામા આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, રાપર પોલીસ સ્ટેશનમાં ૧૦ માસ ફરજ બજાવેલી. એ વાત ખરી છે કે હુ રાપર પો.સ્ટે. વિસ્તારથી વાકેફ છું. રાપરથી નીલપર આશરે ૧૦ થી ૧૨ કીમી થાય છે. બાતમીની જાણ મને રાત્રે ૦૦–૦૦ વાગ્યા પછી થયેલી. એ વાત ખરી

છે કે પો.સ્ટે.થી નીકળતી વખતે મુવમેન્ટ રજી.માં એન્ટ્રી કરવાની હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવના સમયે હું નાઈટ રાઉન્ડમાં હતો. મારા સહકર્મચારીનો બાતમી બાબતે ફોન આવતા મે ત્યારપછી પો.સ્ટે.માં ગયેલ નથી. મેં રાપર પી.આઈ.ને ફોનથી આ અંગે જાણ કરેલી.બનાવવાળી જગ્યાએ પ્રોહી. ધારાની કલમ–૧૨૦ મુજબનો ઠરાવ કરવાનો હોય છે. એ વાત ખરી નથી કે ફરીયાદ આપ્યા પહેલા પંચનામુ થઈ ગયેલ હતુ. હવે જણાવુ છુ કે પંચનામુ થયા પછી ફરીયાદ આપેલ. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં પંચોના નામ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદમાં પંચોના નામ એટલા માટે નથી લખાવેલ કેમ કે પહેલા ફરીયાદ થઈ તયારબાદ પંચનામુ લખાયેલ હતુ.બનાવવાળી જગ્યાએ નીકળવા માટે રાત્રે ૦૦–૦૦ વાગ્યા પછી નીકળેલા. બનાવવાળી જગ્યાએ જવા માટે બે વાહનોથી નીકળેલા. એ વાત ખરી છે કે ફરીયાદમાં વાહનોના નંબર લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં સ્થાનીકે કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી. સવાલ : કહેવાતા બનાવવાળી જગ્યાએ જે મુદામાલ મળેલ તે મુદામાલ પ્રાઈવેટ વાહનથી પંચનામુ કર્યા વિના પો.સ્ટે.માં લઈ આવવા માટે તમે કે તમારા ઉપરી અધિકારીએ સ્થાનીકે તેમના ઉપરી અધિકારીથી કોઈ પરવાનગી મેળવેલ કે કેમ ?જવાબ : મુદામાલ પ્ર ાઈવેટ વાહનથી પંચનામામાં ઉલ્લેખ કરીને લઈ આવેલા હતા. આ વખતે ઉપરી અધિકારીની પરવાનગી મારે લેવાની ન હોય મે લીધેલ નથી.જે તે વખતે હાજર પો.ઈ.સાહેબે આ અંગે કોઈ કાર્યવાહી કરેલ હોય તો મને યાદ નથી. પંચોને મારા પી.આઈ.સાહેબે બોલાવેલા હતા. એ વાત ખરી છે કે મુદામાલ આવેલ તે જગ્યાએથી કોઈપણ આરોપીની હાજરી મળી આવેલ ન હતી. એ વાત ખરી છે કે સદર મુદામાલ બાબતની બાતમી પ્રત્યક્ષ મને મળેલી ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા કોન્સ્ટેબલને મળેલી. નાઈટ પેટ્રોલીં ગમાં સરકારી જીપથી ગયેલા હતા જેના નંબર હાલે મને યાદ નથી. એ વાત ખરી

નથી કે પેટ્રોલીંગમાં ગયેલ ન હતા જેથી નંબર બતાવેલ નથી. એ વાત ખરી છે કે જે જીપથી પેટ્રોલીંગમાં ગયેલ હતા તેમાં લોગબુક રાખવામાં આવે છે.એ વાત ખરી નથી કે સ્થાનીકે કોઈ મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ મારા પી.આઈ.આર.એમ.વસાવા સાહેબના કહેવા મુજબની લખાવેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પંચનામાના અનુસં ધાને ફરીયાદ લખાવેલી. એ વાત ખરી છે કે પંચનામુ મે લખેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતી રેડમાં હું સાથે ગયેલ ન હતો અને સ્થાનીકેથી કોઈપણ પ્રકારનો મુદામાલ કબજે કરવામાં આવેલ ન હોવાછતાં મારા પી.આઈ.ના કહેવા મુજબ ખોટી ફરીયાદ લખાવી અને તેને સમર્થન આપવા માટે આજરોજ નામ.કોર્ટમાં ખોટી જુબાની આપુ છું.

ફરીયાદપક્ષે આંક–૫૮ થી ત. ક. અમલદાર નરેન્દ્રકુમાર કેશરભાઈ ચૌધરીનાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, અમો સને ૨૦૨૧ ની સાલમાં એસ.ઓ.જી ગાંધીધામ ખાતે પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે એસ.પી.સાહેબશ્રીનાઓના હુકમ મુજબ રાપર પો.સ્ટે ગુ.ર.નં.૮૪/૨૦૨૦ પ્રોહી કલમ–૬૫એઈ વિગેરે મુજબના ગુનાની તપાસ અમોએ અગાઉના ત.ક.અ બી.જે.જોષીનાઓ પાસેથી સંભાળી લીધેલ તથા તપાસમાં સાથે સામેલ કાગળો પણ સંભાળી લીધેલ સદર ગુના કામે તપાસના કામે અગાઉના ત.ક.અ પાસેથી મળેલ એફ.એસ.એલ રીપોર્ટ મને બતાવવામાં આવે છે તે તે જ છે જેને કામમાં રજુ દાખલ આંક–૫૯ આપવામાં આવે છે બાદમાં સદર તપાસના કામે સામેલ કાગળોનો અભ્યાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતા આરોપી વિરૂધ્ધ ચાર્જસીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છુ જે આજ રોજ ના.કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે ફરીયાદીનો તથા સાહદોનો વિશેષ જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે આરોપી રમેશ કુંભા કોલીના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ પ્રોહી મુદામાલ મળેલ નહી.

**પુરાવાનુ મુલ્યાંકન/ન્યાયીક સમીક્ષા:–**

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આ કામે રજુ થયેલ પુરાવો જોઈએ તો રજુ થયેલ આંક–૪૧ થી પંચનામા અંગે સદર કામે આંક – ૪૦ થી પંચસાહેદ પરેશભાઈ ખીમજીભાઈ ઠક્કર તથા આંક–૪૨ થી પંચ સાહેદ કાસમશા ભચલશા શેખ નાઓએ પોતાની જુબાની દરમ્યાન ફરિયાદપક્ષના કેસની હકીકત ને સમર્થન આપેલ નથી અને કહેવાતો મુદ્દામાલ દારુ હાલના કામના આરોપી ના કબજા ભોગવટામાંથી મળી આવેલ હોઈ કે કહેવાતો દારુ હાલના કામના આરોપીની જાણમાં હોઈ અને તે રીતે આરોપી પાસે થી મળી આવેલ હોઈ તેવો કોઈ સચોટ પુરાવો હાલના કામના ફરીયાદી ના પં ચ સાહેદો એ આપેલ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ તેમની રૂબરુ કબજે કરવામાં આવેલ હોઈ તેવોપણ કોઈ પુરાવો પંચો દ્વારા આપવામાં આવેલ નથી. આમ સદર પંચસાહેદો એ ફરીયાદપક્ષ ના પંચનામા ને સમર્થન થાય તેવો કોઈ પુરાવો આપેલ ન હોઈ જેથી સદર રજુ થયેલ પંચનામુ નિશંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી તે ઉપરાંત ફરીયાદપક્ષે અન્ય કોઈ રીતે પણ સદર પં ચનામુ પુરવાર કરવા માટે ના કોઈ પ્રયત્નો કરેલા નથી. આ ઉપરાંત આરોપી તરફેના વિધ્વાન વકીલ શ્રી દવારા સદર સાહેદની ઉલટ તપાસ માં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે તેઓએ તૈયાર લખેલા કાગળોમાં સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી. આમ, સદર કામે પંચ સાહેદના પુરાવો ધ્વાને લઈએ તો તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાની

હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તે પંચનામામાં શું લખેલું અને તેઓ ની રૂબરુ કોઈ પંચનામા માં જણાવેલ મુજબ ની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ તે હકીકત નિશંકપણે પુરવાર થતી નથી.

**(૧૫)** આમ જયારે પંચસાહેદો એ ફરીયાદપક્ષ ની હકકીત ને સમર્થન આપેલ ન હોઈ અને પંચનામુ નિશંકપણે પુરવાર થયેલ ન હોઈ ત્યારે આ કામે પોલીસ સાહેદ નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓએ સદર કહેવાતો મુદ્દામાલ પંચો રૂબરુ કબજે કરેલા ની હકીકત ને જણાવે છે પરંતુ સદર મુદ્દામાલ જે દારુ કબજે કરેલ છે તે **<u>ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૧૧૬(ગ)</u>** માં જોગવાઈ કરવામાં આવેલ છે કે,

**<u>ગુજરાત પ્રોહીબીશન એકટ</u>**
**<u>કલમ ૧૧૬(ગ)</u>**

***"કોઈપણ દારુ જપ્ત કર્યો હોય તેવા નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ સમય ગુમાવ્યા વિના તે દ્રારનો નમુનો વિગતવાર પૃથથકરણ રીપોર્ટ માટે રાજયની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રાયોગશાળા ને તાત્કાલીક મોકલવાની ફરજ રહેશે. "***

આમ જયારે મુદ્દામાલ તરીકે દારુ કબજે લેવામાં આવે તો તેને વિના વિલંબે એફ.એસ.એલ. માં પરીક્ષણ અર્થે મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને આવી કોઈ કાર્યવાહી પોલીસ સાહેદે કરેલ હોઈ તેવી કોઈ હકકીત જણાવેલ નથી તે ઉપરાંત ચાર્જશીટ સાથે કહેવાતો પકડાયેલ મુદ્દામાલ એ દારુ જ છે તે સાબીત કરવા માટે એફ.એસ.એલ નો રીપોર્ટ પોલીસે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી કે તે અંગે નો કોઈ પુરાવો ચાલુ ટ્રાયલ દરમ્યાન પોલીસ અધિકારીઓ ધ્વારા પણ રજુ કરવામાં આવેલ નથી. આમ સદર ગુનાના કામે ફરીયાદપક્ષ એ હકીકત નિશંકપણે પ્રસ્થાપિત કરી સાબીત કરી શકેલ નથી

કે, આ ગુનાના કામે પંચો રૂબરુ કબજે લેવામાં આવેલ મુદ્દામાલ એ પ્રતિબંધીત દારુ જ છે. આમ સદર કામે પોલીસે જે કહેવાતો પ્રતિબંધીત દારુ પંચનામા ની રૂએ કબજે કરેલ છે તે પંચનામુ પણ ફરીયાદપક્ષના અન્ય સાહેદોના પુરાવાના આધારે નિશંકપણે પુરવાર થતુ નથી તેમજ સદર કામે કોઈ એફ.એસ.એલ નો રીપોર્ટ પણ રજુ કરવામાં આવેલ નથી. ત્યારે પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષ સમર્થન કરતો ન હોઈ ત્યારે પોલીસ સાહેદ ના એકલા ના પુરાવાથી આરોપીને સજા કરી શકાય નહી. આમ આ કામે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને કે પં ચનામાની હકીકતને કોઈ સમર્થન મળતુ નથી તેમજ પુરાવાને ધ્યાનમાં લેતા બનાવ વાળી જગ્યાએ  સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવાનું ફલિત થાય છે તેમ છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી કે સાહેદ તરીકે પણ તેઓનું નામ ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ નથી. આ ઉપરાંત સદર સાહેદના પુરાવાને ધ્યાનમાં લેતા દારુનો મુદામાલ જયાંથી કબજે લેવામાં આવેલ છે તેની માલીકી અને કબજો ભોગવટો આરોપીનો હોવા બાબતે પણ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

આ કામે કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ જોતાં, કેસ જુનો છે, અને અત્રેની અદાલતે ફરીયાદપક્ષ દવારા ચાર્જશીટમાં જણાવેલા તમામ સાહેદોને તપાસવામાં આવેલા નથી અને સરકાર તરફે એ.પી.પી. શ્રી ના ઓએ કેસના અન્ય સાહેદોને ડ્રોપ કરવા અંગેનો ચાર્જશીટમાં શેરો કરીને જણાવેલ છે. આમ ફરીયદપક્ષ સાહેદોને અદાલતમાં હાજર રખાવી પોતાના કેસના સમર્થનમાં પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. જયારે તપાસવામાં આવેલા સાહેદોની જુબાની પરથી ફરીયાદપક્ષ આરોપીને તકસીરવાન ઠરાવી શકે તેવો પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી.

આ સિવાય ફરિયાદ પક્ષ દવારા અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પંચનામાના એક પંચને તપાસવામાં આવેલા છે જયારે બીજા પંચને ડ્રોપ કરવામાં આવેલા છે. પ્રોહીબીશનના આ ગુનામાં પંચનામું સાબિત કરવું મહત્વનો આધાર પુરાવો બની રહે છે તેમજ બીજી તરફ ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શં કપણે એટલે કે શંકાઓથી પર જઈને સાબિત કરવાનો હોય છે. પરંતુ જો બીજો પં ચ કોર્ટમાં જુબાની આપે અને પંચનામાને સમર્થન આપે તો પણ બંને પંચોની જુબાની વચ્ચે માનવા અંગે તફાવત ઉભો થાય. ત્યારે તેવી શંકાઓનો લાભ આરોપીને મળવો જોએ તેવા નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામ.સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત છે. બાદમાં એપીપીશ્રી એ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું ક્રિ. પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.

આ કામે કેસની તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોંધવામાં આવેલા નથી. ખરેખર સ્વતંત્ર સાહેદ એ એવી વ્યકિત છે કે, પોતે જે કાંઈ જાણે છે તે જણાવી દે છે જયારે હિત ધરાવનાર સાહેદને પરિણામમાં રસ હોય છે, તે કોકને બચાવવા માંગે છે તો કોકને સમર્થન આપવા માંગે છે. તો કોકને સજા કરવવા ચ્છતા હોય છે. તેની જુબાની સંપૂર્ણપણે સાચી કે સંપૂર્ણપણે ખોટી હોતી નથી. સ્વતંત્ર સાહેદ જે જાણે છે તે કહે છે જયારે હિત ધરાવના સાહેદ જાણીબુઝીને કંક છુપાવે છે અથવા કંક વધારીને કહે છે. તેથી આવા સાહેદની જુબાનીની છણાવટ એટલે કે મુલ્યાંકન અત્યંત સાવધાની પૂર્વક તથા પુરી સભાનતાથી અદાલતે કરવુ જરુરી છે.

આ કામમાં ફરીયાદી તથા તમામ સાહેદો તથા ત.ક.અ. તમામ પોલીસ સ્ટાફના માણસો છે. આ કામે ફરીયાદ આપનાર પોલીસ છે તથા તમામ સાહેદો પણ પોલીસ સ્ટાફના છે તેમજ તપાસ કરનાર અમલદાર, ફરીયાદી પોલીસ સ્ટાફ હોવાથી તેમની જુબાની ના માનવી જોઈએ તેવુ કોઈ કાયદામાં જોગવાઈ નથી અને હાલના કેસમાં સ્વંતત્ર સાહેદોની અપેક્ષા પોલીસ પાસેથી તપાસ દરમ્યાન રાખવી એ વ્યાજબી પણ નથી. ફરીયાદ તો કોઈ પણ વ્યકિત આપી શકે છે. જેમાં પોલીસનો સમાવેશ થઈ જાય છે. અને કોઈ પણ ગુનાની તપાસ તો આખરે પોલીસ જ કરવાની હોય છે. માટે તેની તપાસની કામગીરી અંગે આ ગુનામાં કોઈ શંકા ઉપસ્થીત કરી શકાય નહી કે ના માનવાને કોઈ કારણ રેકર્ડ પર આવેલ નથી. કેસનુ રેકર્ડ જોતા તથા સરકારી પક્ષે દલીલ ઘ્યાને ફરીયાદી તથા સાહેદોએ જુબાની દરમ્યાન જણાવવામાં આવેલી હકીકતો માનવાલાયક જણાય આવે છે. પરંતુ માત્ર પોલીસ સાહેદોની જુબાની માનીને આરોપીને તકસીરવાન શકાય નહી. સ્વતંત્ર સાહેદોની જુબાનીથી પણ સમર્થન મળવું જોઈએ.

**Authorities: -**

- ✓ **ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ ઓથોરીટી: –**

  **1)** કોઈ નહી.

- ✓ **આરોપી પક્ષે રજુ કરવામાં આવેલ ઓથોરીટી: –**

  **1)** કોઈ નહી.

- ✓ **કોર્ટ દવારા ટાંકવામાં આવેલ ઓથોરીટી:–**

**1)** ***જગ્ગાસીગ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ પંજાબ, એ.આ.આર. ૧૯૯૫, સુપ્રિમ કોર્ટ, એસ.સી. પાના નંબર–૧૩૫, પેરા–૧૦* જેમાં જણાવેલ છે કે,**

*કોઈપણ પ્રકારનો પુરાવો હોય પણ તેમા જયારે શંકાનુ તત્વ પ્ર વેશે ત્યારે એવો પુરાવો ફરિયાદપક્ષની નિષ્ફળતામા પરિણમે છે.*

*એ એક સુસ્થાપિત સિધ્ધાંત છે કે શંકા આખર શંકા છે, શંકા ગમે તેટલી દઢ, મજબૂત હોય તો પણ તે સાબિતીનુ સ્થાન લઈ શકે નહિ.*

**2)** ***વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમિનલ) પાના નં.૧૧૦૪ વાળા ચુકાદા મુજબ,***

*સાહેદી લીસ્ટમાના અન્ય સાહેદોને જો તપાસવામાં આવે તો પણ કેસનાં અંતિમ પરિણામમાં કોઈ ફરક પડે તેમ જણાતું ન હોય ત્યારે માત્ર પ્રક્રિયા પુરી કરવા માટે થઈને અન્ય સાહેદોને તપાસવા માટે અદાલતનો કિંમતી સમય વેડફવો ન્યાયોચિત જણાતુ ન હોય અન્ય સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી.*

**3)** નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા **AIR 2001 (S.C) 1380 "Sohan v. State of Haryana"** માં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,

*" 21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence."*

**ચર્ચા:–**

આમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને ફરીયાદ પક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપીઓ ઉપર તે પોતે નિદોર્ષ છે તેવુ સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહી.

**Conclusion:-**

(.૧) આમ સદર ગુનામાં પકડાયેલ મુદ્દામાલ તે આરોપીના કબજા ભોગવટામાં હોવાનું પણ કોઈ સ્પષ્ટ અને ચોકકસ પુરાવાથી પુરવાર કરવામાં

આવેલ નથી અને બનાવવાળી જગ્યાની માલીકી અંગે પણ તપાસ કરનાર અધિકારીએ કોઈ પુરાવો લીધેલ નથી. તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલા ગુનાના મુખ્ય આવશ્યક તત્વો પુરવાર થતા નથી. વધુમાં ફરિયાદ પક્ષના રેડ સમયના પંચ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાના વિરોધાભાસ ને કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા ફરિયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને જણાવેલ કારણોસર ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિષ્પક્ષ પણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -:આખરી હુકમ:-

**(1) આ કામના આરોપી નં. (૧) પુનાભાઈ ભાણાભાઈ ભરવાડ, રહે.મુળ ગેડી, હાલ તકીયાવાસ, રાપર (કચ્છ), આરોપી નં. (૨) રામાભાઈ વજાભાઈ ભરવાડ, રહે.પલાસવા, તા.રાપર (કચ્છ), તથા આરોપી નં. (૩) સુરતદાન ગણેશદાન ચારણ (ગઢવી), રહે. ચારણવાસ, પુંગલ (બીકાનેર-રાજસ્થાન) નાઓને ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫(એઈ), ૧૧૬ બી, ૮૧ મુજબ અન્વયેના ગુન્હાના કામે ક્રિ. પ્રો. કોડની કલમ ૨૪૮(૧) મુજબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**(2) ભવિષ્યમાં આ ચુકાદા વિરુધ્ધ અપીલ દાખલ થાય તો તેવા સંજોગોમાં આ કામના આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પુરતા અગાઉ આ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રહેલ જામીદનારને અપીલના સમય પુરતા જામીન તરીકે ચાલુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે. અપીલ સમય બાદ આરોપીઓના જામીનખત રદ ગણવા.**

**(3) મુદ્દામાલ દારૂનો અપીલ પીરીયડ પુરો થયા બાદ નિયમો અનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૭/૦૪/૨૦૨૬.**
**સ્થળ: રાપર**

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**
જજ કોડ નં. જીજે ૦૧૪૩૪
પ્રિન્સીપાલ સિવીલ જજ તથા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફર્સ્ટ કલાસ, રાપર.